**રાજકોટ જિલ્લાની ત્રીજી મજુર અદાલતના પ્રમુખ અધિકારી શ્રી ડી.જે.ચૌહાણ સમક્ષ, મુ.રાજકોટ .**

**રેફરન્સ(એલ.સી.આર.) નં.–૭૧/૨૦૨૩**

**આંક–૨૮**

**પ્રથમ પક્ષકાર:–** મેનેજરશ્રી,
રાજકોટ નાગરીક સહકારી બેંક લી.,
ઠે. અરવિંદભાઈ મણીયાર નાગરીક સેવાલય,
૧૫૦, ફીટ રીંગ રોડ, રૈયા સર્કલ પાસે,
રાજકોટ.

**વિરુધ્ધ**

**બીજા પક્ષકાર:–** મનીષ કનકરાય શુકલ,
ધર્મે–હિન્દુ, આ.ઉ.વ.–૬૨, ધંધો–બેરોજગાર,
ઠે.શંકરલાલ શાસ્ત્રીની શેરી,
કુબેરનાથ મંદિર રોડ, મોરબી–૧

**હાજર રહયા :–** પ્રથમ પક્ષકાર તરફે વિ.વ.શ્રી બી.કે.વચ્છરાજાની.
બીજા પક્ષકાર તરફે વિ.વ.શ્રી જી.આર.ઠાકર.

**–:: ખાતાકીય તપાસની કાયદેસરતા અને વ્યાજબીપણા બાબતે હુકમ ::–**

**(૧)** સદર રેફરન્સ મદદનીશ શ્રમ આયુકતશ્રીની કચેરી રાજકોટના હુકમ ક્રમાંક: કે.એચ.એસ/એચ.એમ.સી./આર.એ.જે./૧૦/૨૦૨૩ આર.ટી. તા.૨૮/૦૮/૨૦૨૩ થી બીજા પક્ષકાર મનીષ કનકરાય શુકલને તા.૩૦/૦૩/૨૦૨૨ થી કોઈપણ જાતના વાંક ગુનાહ કે કસુર વગર નોકરીમાંથી છુટા કરેલ છે. આથી પડેલા રોજ ભરપાઈ કરી સળંગ નોકરીથી કામે લઈ લેવા જોઈએ કે કેમ? તે મુદાના ન્યાય નિર્ણય અર્થે અત્રેની કચેરીને તબદીલ કરવામાં આવેલો છે.

**(૨)** રેફરન્સ કોર્ટમાં આવ્યા બાદ આ કામે બીજા પક્ષકાર તરફે આંક–**૦૩**થી માંગણા નિવેદન રજુ કરી જણાવેલ છે કે, તેઓ પ્રથમ પક્ષકારની મોરબી શાખામાં છેલ્લા ૩૦ વર્ષથી નોકરી કરતા હતા અને જેમાં છેલ્લા ૧૨ વર્ષથી કલાર્ક તરીકે નોકરી કરેલી છે. છેલ્લે તેમણે રૂ.૮૬,૬૬૨/–માસિક પગાર અને તમામ લાભો સાથે ચુકવવામાં આવતો હતો. તેઓને તા.૧૩/૦૭/૨૦૨૧ ના હુકમથી ફરજ મોકુફ કરવામાં આવેલ અને તા.૧૩/૦૮/૨૦૨૧ ના રોજનું ચાર્જશીટ આપવામાં આવેલ જેનો તા.૧૮/૦૮/૨૦૨૧ રોજ જવાબ આપેલ જેને ધ્યાને લીધા વિના તા.૨૧/૦૮/૨૦૨૧ ના હુકમથી ખાતાકીય તપાસ કરવાનો પ્રથમ પક્ષકારે ઠરાવી તેમની સામે કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ તપાસ હાથ ધરવામાં આવેલી અને તપાસ અધિકારીએ તેમના ધ્વારા આપવામાં આવેલ નિવેદન અને રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લીધા

સિવાય એકતરફી અને પરર્વર્સ તારણ આપેલ છે. તપાસના તારણોનો કોઈ અભ્યાસ કર્યા સિવાય પ્રથમ પક્ષકારે તા.૦૭/૧૨/૨૦૨૧ ના રોજની સેકન્ડ શો–કોઝ નોટીસ આપેલ તેનો તા.૧૩/૧૨/૨૦૨૧ ના રોજથી જવાબ રજુ કરેલ, પણ જવાબને ધ્યાને લીધા સિવાય અને જવાબમાં કરવામાં આવેલી રજુઆતો અંગે કોઈ કારણો આપ્યા સિવાય તા.૩૦/૦૩/૨૦૨૨ ના હુકમથી નોકરીમાંથી બરતરફ કરેલ છે. તેઓને આપવામાં આવેલી ચાર્જશીટમાં ઓફિસના ચીફ એકઝયુકયુટીવ ઓફિસરે સહી કરેલ છે. સેકન્ડ શો–કોઝ નોટીસમાં પણ ચીફ એકઝયુકયુટીવ ઓફિસરે સહી કરેલી છે અને બરતરફીના હુકમમાં પણ ચીફ એકઝયુકયુટીવ ઓફિસરે સહી કરેલી છે. જેથી કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ 'નો બોડી કેન જજ હીઝ ઓન એકશન'ના સિધ્ધાંત મુજબ બરતરફીનો હુકમ કરવાની તેઓને કોઈ સત્તા કે અધિકાર નથી. તેઓ વિરૂધ્ધની તપાસમાં રાજકોટના એડવોકેટશ્રી પરાગભાઈ વોરાને તપાસ અધિકારી તરીકે ચીફ એકઝયુકયુટીવ ઓફિસરે નિમણુક કરેલી, જેઓને તપાસ અધિકારી નિમવાની કે બીજા પક્ષકાર સામે ડોમેસ્ટીક ઈન્કવાયરી કરવાની સત્તા કે અધિકાર ન હતો. જેથી પણ પ્રથમ પક્ષકારે કરેલ હુકમ ગેરકાયદેસર અને ગેરબંધારણીય છે તપાસ અધિકારી રાજકોટ મુકામે વકિલાતનો વ્યવસાય કરતા હોવાથી તેમની સામેની તપાસ રાજકોટ મુકામે રાખવામાં આવેલી અને તપાસમાં માત્ર ફોર્માલીટી પુરી કરવા માટે કાયદાના માર્ગદર્શક સિધ્ધાંતોને બાજુમાં રાખી રાજકોટ મુકામે તપાસ કરવામાં આવેલી છે. તેઓને તપાસ અધિકારીએ બેન્કના સાક્ષીની ઉલટ તપાસનો હકક યોગ્ય રીતે આપેલ નથી અને ટુંકી ટુંકી તારીખો આપેલ છે. આમ, બચાવની તક આપેલ નથી અને દલીલ રજુ કરવાની પણ તક આપેલ નથી. તપાસ અધિકારીએ જે દસ્તાવેજો સાબિત થયેલા નથી તેને પણ સાબિત માનેલા છે અને આક્ષેપો સાથે સુસંગત દસ્તાવેજો ન હોવા છતાં તેને સાબિત માનેલા છે. તેમની સાથે કામ કરતા કર્મચારી પ્રદિપભાઈ અઘેડાની કોઈ તપાસ હાથ ધરવામાં આવેલ નથી અને અન્ય કોઈ સહકર્મચારીને સાક્ષી તરીકે તપાસેલા નથી કે અન્ય કોઈ કર્મચારીને સજા કરેલ નથી. આમ, તે રીતે તેમની સાથે ભેદભાવભરી નીતી અપનાવેલી છે. તેઓને કોઈ પણ ભોગે નોકરીમાંથી દુર કરવાના બદઈરાદાથી આખી શીફતપૂર્વકની પ્રક્રિયા અનુસરવામાં આવેલી છે. તેઓએ આપેલ સેકન્ડ શો–કોઝ નોટીસના જવાબની વિગતો શા માટે સંતોષકારક નથી તેનું કોઈ વ્યાજબી કારણ જણાવ્યા સિવાય ડિસમીસલનો હુકમ કરેલો છે જે ગેરકાયદેસર અને ગેરબંધારણીય છે. તેમની સામેના આક્ષેપો સાબિત થયેલા ન હોવા છતાં તે આધારે કરવામાં આવેલી બરતરફીની શિક્ષા અપ્રમાણસર છે. પ્રથમ પક્ષકારે બરતરફીની શિક્ષા કરી તેમને જ નહી પણ તેમના કુંટુંબીજનોને પણ શિક્ષા કરેલી છે. જેથી પ્રથમ પક્ષકારનું પગલું રદ કરી નોકરીની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત પુન:સ્થાપિત કરવા જણાવેલું છે.

(૩) આ કામે પ્રથમ પક્ષકારે આંક–૧૪ થી લેખિત જવાબ રજુ કરી પ્રથમ પક્ષકારના માંગણા નિવેદનની વિગતોની સત્યતાને નકારી જણાવેલ છે કે, બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં ખુબ જ ગંભીર ગેરવર્તણુક કરેલ હોવાથી તેઓને તા.૧૩/૦૮/૨૦૨૧ ની ચાર્જશીટ આપવામાં આવેલી જેનો બીજા પક્ષકારે આપેલ જવાબ સંતોષકારક ન જણાતાં તેમની સામે તપાસ કરવાનું નકકી કરવામાં આવેલ અને તપાસ અધિકારી તરીકે પરાગભાઈ વોરાને નિમવામાં આવેલા જયારે પ્રશાંત એમ પંજાબી કે જેઓ

ઓડિટ ડિપાર્ટમેન્ટના મેનેજર હતા તેમને રજુઆત અધિકારી તરીકે નિમવામાં આવેલા. બીજા પક્ષકાર વિરૂધ્ધ ખાતાકીય તપાસ તા.૦૬/૦૯/૨૦૨૧ થી તા.૧૫/૧૧/૨૦૨૧ સુધી કરવામાં આવેલી અને બીજા પક્ષકારને તપાસ દરમ્યાન તમામ સંબંધિત દસ્તાવેજો પુરા પાડવામાં આવેલા અને કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ બચાવની પુરેપુરી તક બીજા પક્ષકારને આપવામાં આવેલી, પ્રથમ પક્ષકારે પ્રશાંત અઘાટેને સાક્ષી તરીકે તપાસેલા. બીજા પક્ષકારે તેઓનું સ્ટેટમેન્ટ તપાસ આંક-૭૧થી આપેલું છે જે પુરાવાઓને ધ્યાને લઈ રજુ દસ્તાવેજોને વંચાણે લઈ તપાસ અધિકારીએ તા.૨૧/૧૨/૨૦૨૧ નો તપાસ રિપોર્ટ આપેલો. જેમાં બીજા પક્ષકાર વિરૂધ્ધ મુકેલા આક્ષેપ નં.-૧ થી ૬ આજદિન રજુ દસ્તાવેજો પુરવાર થયેલ તેવું માનેલ અને આક્ષેપ નં.-૭ થી ૯ મૌખીક પુરાવા આધારે પુરવાર માનેલ છે. જેથી બીજા પક્ષકારને સેકન્ડ શો-કોઝ નોટીસ તા.૦૭/૧૨/૨૦૨૧ ના રોજની તપાસના તારણો સાથે આપવામાં આવેલી જેનો તા.૧૩/૧૨/૨૦૨૧ થી બીજા પક્ષકારે આપેલ જવાબ સંતોષકારક ન જણાતા અને તેમાં કોઈ મેરીટ ન જણાતા તા.૩૦/૦૩/૨૦૨૨ ના હુકમથી બીજા પક્ષકારને ડિસમીસ કરવામાં આવેલ છે અને તે હુકમની સાથે એક મહિનાનો પગાર રૂા.૮૬,૬૬૨/- બેન્કર્સ ચેકથી આપવામાં આવેલો છે. બીજા પક્ષકારને તેમના તમામ નિવૃતીના લાભો જેવા કે ગ્રેજયુઈટી, હકકરજાનું રોકડમાં રૂપાંતર, પી.એફ. અને જુથ વીમાની રકમ પ્રથમ પક્ષકારે ચુકવી આપેલી છે. બીજા પક્ષકાર વિરૂધ્ધ કરવામાં આવેલી ખાતાકીય તપાસ કાયદેસર અને વ્યાજબી છે. બીજા પક્ષકાર તા.૩૦/૦૬/૨૦૨૩ ના રોજ નિવૃતી વયમર્યાદા વટાવી ચુકેલા હોઈ તેઓને પુન:સ્થાપિત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તપાસના મુદ્દાને નામદાર સુપ્રીમ કોર્ટે કુપર એન્જીનીયરીંગ લીમીટેડ વિરૂધ્ધશ્રી પી.પી.મુંડેના કેસમાં આપેલ ચુકાદો જે ૧૯૭૫ એ.આઈ.આર પાન નં.-૧૯ પર પ્રસિધ્ધ થયેલ છે તેમ ઠરાવ્યા મુજબ પ્રાથમિક મુદ્દા તરીકે ઉપસ્થિત કરી તેનો પ્રથમ ન્યાય નિર્ણય કરવો જોઈએ અને જો કોર્ટ એવા તારણ ઉપર આવે કે તપાસ કાયદેસર અને વ્યાજબી નથી તો તેવા કિસ્સામાં સંસ્થાને બીજા પક્ષકાર વિરૂધ્ધ ગેરવર્તણુકના આક્ષેપો પુરાવા રજુ કરી પુરવાર કરવા તક આપવી જોઈએ અને જવાબમાં જણાવ્યા મુજબ હકીકતો આધારે રેફરન્સ રદ કરવા જણાવેલું છે.

(૪) આ કામે આંક-૧૫ થી બીજા પક્ષકારે અરજી કરી ખાતાકીય તપાસની કાયદેસરતા અને યોગ્યતાની બાબતને પ્રાથમીક મુદ્દા તરીકે ઉપસ્થિત કરવા અને તેનો પ્રથમ ન્યાય નિર્ણય કરવા અરજી આપેલ જે મંજુર કરી બીજા પક્ષકાર વિરૂધ્ધ કરવામાં આવેલ ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ અને ગેરકાયદેસર છે કે કેમ? તે મુદ્દાને પ્રાથમીક મૃદ્દા તરીકે નકકી કરવાનું ઠરાવવામાં આવેલું છે.

(૫) આ કામે બીજા પક્ષકારે આંક-૦૬ ના લિસ્ટથી નિ.-૬/૧ થી ૬/૩ના નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલા છે.

| ક્રમ | વિગત | અસલ/નકલ |
|---|---|---|
| ૧ | સામાવાળા ધ્વારા અરજદારને તા.૩૦/૦૩/૨૦૨૨ ના રોજ મોકલેલ | નકલ |

| | | |
|---|---|---|
| | બરતરફની હુકમની નકલ. | |
| ૨ | અરજદારે સામાવાળાને રજી.એ.ડી. મારફત મોકલેલ લીગલ કમ ડીમાન્ડ નોટીસની ઓફીસ નકલ. | ઓફીસ નકલ |
| ૩ | સામાવાળાએ અરજદારની લીગલ નોટીસનો તા.૧૨/૦૭/૨૦૨૩ ના રોજ આપેલ જવાબની નકલ. | નકલ |

(૬) બીજા પક્ષકારે આંક–૨૩ ની પુરસીસથી તપાસની કાયદેસરતા બાબતનો મુદ્દો તપાસ અધિકારીના તારણ અને તપાસ કાર્યવાહીથી નક્કી થઈ શકે તેમ હોવાથી તેઓને કોઈ મૌખીક પુરાવો આપવાનો રહેતો નથી, જેથી આંક–૧૫ ની અરજી પુરતો મૌખીક પુરાવો હાલના તબક્કે આપવાનો નથી તેવું તેઓ જાહેર કરે છે તેમ જણાવેલું છે.

(૭) પ્રથમ પક્ષકારે આંક–૨૨ ના લિસ્ટથી નિ.–૨૨/૧ થી ૨૮/૧૦ ના નીચે મુજબના દસ્તાવેજો રજુ કરવામાં આવેલા છે.

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | અરજદારને આપેલ તા.૨૦/૦૫/૧૯૯૧ નો નિમણુંક હુકમની ખરી નકલ. |
| ૨ | અરજદારને આપેલ તા.૧૯/૦૪/૨૦૦૨ નો અરજદારને આપેલ ઓફીસ ઓર્ડરની ખરી નકલ. |
| ૩ | તા.૦૪/૦૮/૨૦૧૨ નો સામાવાળાનો ઓફીસ ઓર્ડરની ખરી નકલ. |
| ૪ | તા.૧૦/૦૧/૨૦૦૮ ની અરજદારને લગતી ફરિયાદની ખરી નકલ. |
| ૫ | તા.૨૯/૦૬/૨૦૧૯ ની શો કોઝ નોટીસની ખરી નકલ. |
| ૬ | તા.૧૦/૦૭/૨૦૧૯ નો અરજદારને આપેલ ચેતવણીપત્રકની ખરી નકલ. |
| ૭ | તા.૦૭/૧૨/૨૦૨૧ ની સેકન્ડ શો કોઝ નોટીસની ખરી નકલ. |
| ૮ | તા.૧૩/૧૨/૨૦૧૨ નો ઉપરોકત સેકન્ડ શો કોઝ નોટીસના જવાબની ખરી નકલ. |
| ૯ | તા.૩૦/૦૩/૨૦૨૨ નો અરજદારને આપેલ ડીસમીસલ હુકમની ખરી નકલ. |
| ૧૦ | ખાતાકીય તપાસના રોજકામ તથા તમામ દસ્તાવેજો પાન નં.–૧ થી ૨૦૭ તમામની ખરી નકલ. |

| | |
|---|---|
| | |

(૮) પ્રથમ પક્ષકાર તરફે તપાસના મુદ્દે આંક–૨૪ થી તપાસ અધિકારીશ્રી પરાગ મહેન્દ્રભાઈ વોરાને સાક્ષી તરીકે તપાસવામાં આવેલા છે. જેઓની ઉલટ થયા બાદ આંક–૨૫ની પુરસીસથી તપાસના મુદ્દે પ્રથમ પક્ષકારે તેમના પુરાવા બંધ જાહેર કરેલા છે.

(૯) બીજા પક્ષકાર તરફે તેમના વિ.વ.શ્રી જી.આર.ઠાકરે તપાસના મુદ્દે મૌખિક દલીલો કરી દલીલોના સમર્થનમાં આંક–૨૬ ના લિસ્ટથી નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલા છે.

(૧) નામદાર પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે અશોક કુમાર વિરૂધ્ધ પ્રિસાઈડીંગ ઓફિસર, ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ–કમ–લેબર કોર્ટ અને બીજાના કેસમાં આપેલ ચુકાદો ૨૦૧૩(૪) એલ.એલ.જે. ૬૬૪ પર પ્રસિધ્ધ થયેલ ચુકાદો.

(૨) નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્પેશીયલ સી.એ.નં.–૧૨૦૦૦/૨૦૨૨ ના તા.૦૯/૦૧/૨૦23 ના રોજ દિવ્યેશ ગોવિંદભાઈ કુનવરીયા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં આપેલ ચુકાદો.

(૧૦) પ્રથમ પક્ષકાર તરફે તેમના વિ.વ.શ્રી બી.કે.વચ્છરાજાની એ મૌખીક દલીલો કરી દલીલોના સમર્થનમાં આંક–૨૭ ના લિસ્ટથી નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલા છે.

(૧) નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્પે.સી.એ.નં.–૭૨૯૨/૯૫ માં તા.૧૩/૧૦/૧૯૯૫ ના રોજથી અલાભાઈ રત્નાભાઈ રબારી વિરૂધ્ધ ટાટા કેમીકલ લીમીટેડ અને બીજાના કેસમાં આપેલ ચુકાદો.

(૨) નામદાર ઔદ્યોગીક ટ્રિબ્યુનલ રાજકોટે ફરિયાદ (આઈ.ટી.) નં.–૦૫/૧૫ માં તા.૧૧/૧૨/૨૦૨૪ ના રોજ આપેલ ચુકાદો.

(૩) ૧૯૯૩ ફર્સ્ટ સી.એલ.આર પાના નં.–૯૦૦ પર પ્રસિધ્ધ થયેલ નામદાર સુપ્રીમ કોર્ટે ક્રેસન્ટ ડાઈસ એન્ડ કેમીકલ્સ લીમીટેડ વિરૂધ્ધ રામ નરેશ ત્રિપાઠી ના કેસમાં આપેલ ચુકાદો.

(૪) ૨૦૦૬(૧૧) સુપ્રીમ કોર્ટે કેસીસ ૬૪૫ પર પ્રસિધ્ધ થયેલ નામદાર સુપ્રીમ કોર્ટે મેનેજમેન્ટ ઓફ નેશનલ સીડસ કોર્પોરેશન લીમીટેડ વિરૂધ્ધ કે.વી.રામરેડ્ડી ના કેસમાં આપેલ ચુકાદો.

(૫) સિવિલ અપીલ નં.–૬૩૨૭/૨૦૨૪ માં તા.૨૧/૦૧/૨૦૨૫ ના રોજ ધ જનરલ મેનેજર

પર્સોનલ  સિન્ડીકેટ બેન્ક અને બીજા વિરૂધ્ધ બી.એસ.એન. પ્રસાદના કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટે આપેલ ચુકાદો.

(૬) નામદાર સુપ્રીમ કોર્ટે એ.આઈ.આર. ૧૯૯૯ સુપ્રીમ કોર્ટે ૪૦૧ પર પ્રસિધ્ધ થયેલ ભારત પેટ્રોલીયમ કોર્પોરેશન લીમીટેડ વિરૂધ્ધ મહારાષ્ટ્ર જનરલ કામદાર યુનીયન અને બીજાના કેસમાં આપેલ ચુકાદો.

(૭) ૧૯૯૯ (૩) એસ.સી.સી. ૩૧૬ પર પ્રસિધ્ધ થયેલ નામદાર સુપ્રીમ કોર્ટે મેનેજમેન્ટ ઓફ તાંજુવર ટેકસ ટાઈલ્સ લીમીટેડ વિરૂધ્ધ બી.પુરષોતમના કેસમાં આપેલ ચુકાદો.

**(૧૧)** દલીલો ધ્યાને લીધી, રેકર્ડ તથા રજુ થયેલા ચુકાદા વંચાણે લીધા. મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– :મુદ્દા :–**

**(૧)** શું બીજા પક્ષકાર સાબીત કરે છે કે તેઓ વિરૂધ્ધ કરવામાં આવેલી ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ અને ગેરકાયદેસર છે?

**(૨)** શું હુકમ?

**(૧૨)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

**(૧)** નકારમાં.

**(૨)** આખરી હુકમ મુજબ.

**(૧૩)** મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**(એ)** આ કામે રેકર્ડ જોતાં આ કામના બીજા પક્ષકારને તા.૧૩/૦૮/૨૦૧૨ ના રોજની ચાર્જશીટ આપવામાં આવેલી તેની તપાસ અધિકારીશ્રી પરાગ એમ. વોરાએ તપાસ કરેલી છે. તેઓએ તપાસની જાણ કરતો પત્ર બીજા પક્ષકારને લખેલ અને તપાસ તા.૦૪/૦૯/૨૦૨૧ ના રોજ રાખવામાં આવેલી, પણ તે દિવસની તપાસ તપાસ અધિકારીના અંગત કારણસર કેન્સલ કરવામાં આવતા તા.૦૬/૦૯/૨૦૨૧ ના રોજ તપાસ રાખવામાં આવેલી. બેન્ક વતી તપાસમાં રજુઆત માટે રજુઆત અધિકારી તરીકે પ્રશાંત પરેશભાઈ પંજાબીની નિમણુક કરવામાં આવેલી, તપાસના દિવસે તા.૦૬/૦૯/૨૦૨૧ ના રોજ બીજા પક્ષકારે તપાસ આંક–૦૮ થી બચાવ પ્રતિનિધિ તરીકે એડવોકેટને રોકવા પરવાનગી આપતી અરજી આપેલી અને તપાસ આંક–૦૭ થી મોરબીથી આવવા જવા માટે ભાડા ભથ્થાની માંગણી કરતી અરજી આપેલી. તપાસ આંક–૦૭ નો જવાબ રજુ કરવા બચાવ  પ્રતિનિધિએ મુદત માંગેલ અને વકીલ પત્ર સામે વાંધો લીધેલ તેથી તપાસ અધિકારીએ તપાસ તા.૧૩/૦૯/૨૦૨૧ ના રોજ રાખેલ.

તા.૧૩/૦૯/૨૦૨૧ ના રોજ તપાસ અધિકારીએ ભાડાભથ્થાની અરજી નીચે મુજબ હુકમ કરી બેન્કને ટી.એ.ડી.એ.ના નિયમો મુજબ બેન્ક પાસે બીલ રજુ કર્યેથી બેન્કે નિયમ પ્રમાણેની રકમ ચુકવવાનો હુકમ કરેલ અને બચાવ પ્રતિનિધિએ આંક–૦૮ અંગે તપાસ આંક–૧૦ થી લેખીત વાંધા રજુ કરેલ, જયારે બીજા પક્ષકારે તપાસ આંક–૧૧ થી બચાવ પ્રતિનિધિ તરીકે વકીલ રાખવા બાબતે રજુઆત કરી જણાવેલ કે તપાસ અધિકારી ખુદ એડવોકેટ છે અને લેબર કોર્ટના નામી અને જ્ઞાની વકીલ છે, જેથી તેમને વકીલ રોકવા દેવા જોઈએ. તપાસ અધિકારીએ સદર વાંધા અને રજુઆત ધ્યાને લઈ બીજા પક્ષકારને બચાવ પ્રતિનિધિ તરીકે વકીલ રાખવા દેવાની માંગણી નામંજુર કરી તેઓ ઈચ્છે તો તેમના કોઈ સહકર્મચારીને તેમના બચાવ પ્રતિનિધિ તરીકે રાખી શકે છે તેવો હુકમ કરેલ અને બીજા પક્ષકારે તે પછી તપાસ આંક–૧૨ ની અરજી વકીલ રોકવાની પરવાનગી નહી આપવાના હુકમ સામે આગળ કાર્યવાહી કરવી કે કેમ? તે માટે અને સંસ્થાના રજીસ્ટર સ્થાયી હુકમોની નકલ આપવા જણાવેલ તેના જવાબ માટે તપાસ તા.૧૮/૦૯/૨૦૨૧ ના રોજ મુલતવી કરવામાં આવેલ.

તા.૧૮/૦૯/૨૦૨૧ ના રોજ બેન્ક વતી તપાસ આંક–૧૩ રજુ કરી બેન્કને ઈન્ડસ્ટ્રીયલ સ્ટેન્ડીંગ ઓર્ડર્સ એકટ હેઠળ મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડર્સ લાગુ પડે છે તેમ જણાવવામાં આવેલ જેમાં નીચે બીજા પક્ષકારે શેરો કરી તેઓએ આ બાબતે યોગ્ય નિર્ણય કરવા ૦૭ દિવસની જરૂરીયાત હોઈ મુદત આપવા વિનંતી કરેલ અને પ્રવાસ બિલની નકલ મેળવેલ. ત્યાર બાદ તપાસ તા.૨૮/૦૯/૨૦૨૧ ના રોજ રાખવામાં આવેલી. તા.૨૮/૦૯/૨૦૨૧ ના રોજ બેન્ક તરફે તપાસ આંક–૧૪ ના લિસ્ટથી કુલ–૪૬ દસ્તાવેજો રજુ કરવામાં આવેલા અને તપાસ આંક–૧૫ થી સાક્ષીનું નામ રજુ કરવામાં આવેલ. સદર મુદતે બીજા પક્ષકારે આંક–૦૭ અને આંક–૦૮ ની અરજી પર થયેલ હુકમ સામે તેઓએ કોઈ આગળ કાર્યવાહી કરેલ નથી કે કરવાના નથી તેમ જણાવેલ છે. જેથી તેમની પ્લી લેવામાં આવેલ જેમાં તેમણે ચાર્જશીટ મળેલ છે અને તે વાંચી સમજેલ છે તેમ જણાવી તેમના પર મુકેલા આરોપો કબુલ મંજુર નથી તેમ જણાવેલ અને તે પછી બીજા પક્ષકારને બચાવ પ્રતિનિધિએ રજુ કરેલા દસ્તાવેજોની નકલ અને સાક્ષીના નામની યાદીની નકલ આપવામાં આવેલ તેમજ સાક્ષી તપાસવા માટે બે દિવસની મુદત બેન્કના પ્રતિનિધિએ માંગતા તપાસ તા.૩૦/૦૯/૨૦૨૧ ના રોજ રાખવામાં આવેલ. બીજા પક્ષકારને તપાસ કાર્યવાહીના પાન નં.–૦૧ થી ૦૮ ની નકલ જે તે તપાસના દિવસે આપવામાં આવેલી છે જે તેમણે મળ્યા બદલની સહી કરેલી છે.

તા.૩૦/૦૯/૨૦૨૧ ના રોજ તપાસમાં પ્રશાંત કીરીટભાઈ અઘેડા મેનેજરશ્રી મોરબીનું લેખીત નિવેદન તપાસ આંક–૧૬ થી રજુ કરવામાં આવેલ અને દસ્તાવેજો જુબાનીમાં રીફર કરેલા હોવાથી તેને તપાસ આંક–૧૭ થી ૬૨ આપવામાં આવેલ. ઉલટ માટે બીજા પક્ષકારે મુદત માંગતા તપાસ તા.૦૫/૧૦/૨૦૨૧ ના રોજ રાખવામાં આવેલ અને તપાસ કાર્યવાહીની નકલ બીજા પક્ષકારને આપવામાં આવેલી.

તા.૦૫/૧૦/૨૦૨૧ ના રોજ બીજા પક્ષકારે તપાસ આંક-૬૩ ની અરજી આપેલી જેમાં તેઓએ રજુ થયેલ સ્ક્રીનશોટ ફિક્સ ડિપોઝીટની ઝેરોક્ષ નકલના બદલે અસલ ફિક્સ ડિપોઝીટની ઝેરોક્ષ આપવા જણાવેલ અને તપાસ આંક-૬૪ રજુ કરી બેન્કે રજુ કરેલ દસ્તાવેજો અને સાક્ષીના નિવેદનનો અભ્યાસ કરવા માટે અને તે પછી ઉલટ કરવા માટે ૧૫ દિવસનો સમય આપવા જણાવેલ. તપાસ અધિકારીએ તપાસ તા.૦૭/૧૦/૨૦૨૧ ના રોજ રાખેલ.

તા.૦૭/૧૦/૨૦૨૧ ના રોજ બચાવ પ્રતિનિધિએ આંક-૬૩ નો જવાબ આપી અસલ ફિક્સ ડિપોઝીટની રસીદ બેન્ક પાસે ન હોવાથી તેની ઝેરોક્ષ તેઓ આપી શકે તેમ નથી અને બીજા પક્ષકાર ખોટી અરજીઓ આપી સમય પસાર કરી રહેલ છે તથા રજુ થયેલ સ્ક્રીનશોટ બહુ જ સ્પષ્ટ રીતે વંચાય છે અને અભ્યાસ કરી શકાય છે તેમ જણાવેલ તથા તપાસ આંક-૬૬ ના પત્રથી બચાવ પ્રતિનિધિએ બીજા પક્ષકારે માંગ્યા મુજબની લાંબી મુદતો નહી આપવા જણાવેલ. તપાસ અધિકારીએ ત્યારબાદ આંક-૬૩ હેઠળ હુકમ કરી બીજા પક્ષકારની અસલ ફિક્સ ડિપોઝીટની રસીદની ઝેરોક્ષ આપવાની માંગણી નકારેલ અને તપાસ આંક-૬૪ હેઠળ હુકમ કરી તપાસ મુલતવી કરી તા.૧૧/૧૦/૨૦૨૧ ના રોજ તપાસ રાખેલ અને તપાસ કાર્યવાહીની નકલ બીજા પક્ષકારને આપેલ.

તા.૧૧/૧૦/૨૦૨૧ ના રોજ બીજા પક્ષકારે બેન્કના સાક્ષીની ઉલટ તપાસ શરૂ કરેલ ત્યારપછી ઉલટમાં સાક્ષીએ જણાવેલ બાબતે વેરીફાઈ કરી જવાબ આપવાનું જણાવેલ હોવાથી તે બાબત જાહેર થાય તે પછી વધુ ઉલટ તપાસ કરવા માટે મુદત માંગતા ઉલટ તપાસ મુલતવી કરવામાં આવેલ અને તપાસ કાર્યવાહીના પાના નં.-૧૪ તથા આંક-૧૬ પાના નં.-૦૮ થી ૧૪ ની નકલ બીજા પક્ષકારને આપવામાં આવેલ અને તપાસ તા.૧૪/૧૦/૨૦૨૧ ના રોજ વધુ ઉલટ માટે રાખવામાં આવેલ. તા.૧૪/૧૦/૨૦૨૧ ના રોજ બેન્કના સાક્ષીએ ઉલટતપાસમાં જણાવેલ બાબતો અંગે તેઓના જવાબ લેખીતમાં મુકેલ અને બીજા પક્ષકારે સાક્ષીની ઉલટતપાસ લીધેલ અને તે પછી વધુ ઉલટ માટે મુદત માંગતા બીજા પક્ષકારે તપાસ આંક-૬૭ થી અરજી આપી તેઓએ પુછેલા પ્રશ્નના જવાબ આવ્યા બાદ તેમને જો કોઈ પ્રશ્ન હશે તો તેઓ ઉલટ કરશે અથવા ઉલટ તપાસ પુરી કરી તેઓ તેમનું નિવેદન પણ રજુ કરશે તે બાબત ધ્યાને રાખી વધુ ઉલટ તપાસ કરવા મુદત માંગેલ. જેથી તપાસ તા.૦૨/૧૧/૨૦૨૧ ના રોજ રાખવામાં આવેલ અને બીજા પક્ષકારના તપાસની કાર્યવાહી પાન નં.-૧૫ તથા આંક-૧૬ ના પાન નં.-૧૭, ૧૮ ની નકલ આપવામાં આવેલ.

તા.૦૨/૧૧/૨૦૨૧ ના રોજ બચાવ પ્રતિનિધિએ ઉલટમાં પુછવામાં આવેલ સવાલના જવાબમાં તેઓ જોઈને કહી શકે તેમ જણાવેલ તે સવાલોના જવાબ લેખીતમાં મુકેલ અને બીજા પક્ષકારે ત્યાર પછી વધુ ઉલટ તપાસ કરેલ અને ઉલટ તપાસ પૂર્ણ જાહેર કરેલ. બીજા પક્ષકારે આંક-૬૮ થી અરજી આપી તેઓએ તપાસ અધિકારીના કહેવાથી ગઈ મુદતે નિવેદન આપવાનું લખાણ કરી લીધેલ છે. પણ, જ્યાં સુધી તેમની ઉલટ તપાસ પુરી ન થાય ઉલટ તપાસ અન્વયે સાક્ષી દ્વારા જે તે જવાબ આપવામાં આવેલા હોય તે જવાબ અન્વયે તેમની તપાસને લગતા જરૂરી દસ્તાવેજો રજુ કરવા જરૂરી હોઈ મુદત આપવા જણાવેલ

અને તેમને જયારે મુદત જોઈતી હોય બે કે ચાર દિવસની મુદત આપે છે જયારે તપાસ અધિકારીને કામ આવું ગયુ હોય ત્યારે ૧૦ થી ૧૫ દિવસની મુદત આપે છે. જેથી તપાસ અધિકારી બેન્ક તરફી ખાતાકીય તપાસ કરતી હોઈ તેવું તેમને જણાય છે તેમજ તપાસની કાર્ય પધ્ધતી ચાલુ તપાસ તથા તપાસના અંતે આપવામાં આવતી સુચનાઓ અને તેમની પાસેથી લખાણ લેવાની પધ્ધતી એ બેન્કના હિતમાં ખાતાકીય તપાસની કાર્યવાહી તપાસ અધિકારી કરે છે તેમ જણાવેલ છે જે અરજી નીચે તપાસ અધિકારીએ હુકમ કરી મુકવામાં આવેલા આક્ષેપોને નકારી બીજા પક્ષકારને તેમનું નિવેદન રજુ કરવા તક મળે તે હેતુથી મુદત અરજી મંજુર કરેલ અને તપાસ તા.૦૩/૧૧/૨૦૨૧ ના રોજ રાખેલ. બીજા પક્ષકારે તપાસ આંક-૬૯ વાળી અરજી વોટસએપ થી તપાસ અધિકારીને મોકલેલ જેમાં તા.૦૬/૧૧/૨૦૨૧ના રોજની તપાસની તારીખ મુલતવી કરી ૦૮ દિવસ પછીની તારીખ રાખવા જણાવેલ જે અરજીની પ્રિન્ટ લઈ તપાસ અધિકારીએ તા.૦૬/૧૧/૨૦૨૧ ના રોજ રેકર્ડ પર લીધેલ અને બેન્કના જનરલ મેનેજરશ્રીને ઈમેઈલ સાથે મોકલવામાં આવેલ અરજીને તપાસ આંક-૭૦ થી રેકર્ડ પર લીધેલ. આંક-૬૯ હેઠળ હુકમ કરી બીજા પક્ષકારે તા.૦૬/૧૧/૨૦૨૧ ની મુદત સામે જે તે સમયે વાંધો લીધેલ નથી. જેથી બીજા પક્ષકારને તેમના પુરાવા રજુ કરવા મુદત આપેલ અને ઉલટ તપાસ પૂર્ણ થઈ ગયેલ હોવાથી વધુ ઉલટ કરવાની તક આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેમ ઠરાવી તપાસ તા.૧૧/૧૧/૨૦૨૧ ના રોજ રાખવામાં આવેલ.

તા.૧૧/૧૧/૨૦૨૧ ના રોજ બીજા પક્ષકારે તેઓનું લેખીત નિવેદન રજુ કરેલ અને નિવેદનની સાથે પરિશિષ્ટ-અ થી બેન્ક ધ્વારા પ્રદિપ અઘાટેને આપેલ શિક્ષાના હુકમની નકલ રજુ કરેલ. નિવેદનને તપાસ આંક-૭૧ થી રેકર્ડ પર લઈ બેન્કના પ્રતિનિધિએ મુદત માંગતા તે સામે બીજા પક્ષકારે વાંધો ન લેતા તપાસ તા.૧૫/૧૧/૨૦૨૧ ના રોજ રાખવામાં આવેલ.

તા.૧૫/૧૧/૨૦૨૧ ના રોજ બચાવ પ્રતિનિધિએ બીજા પક્ષકારની ઉલટ તપાસ લીધેલી અને તે દિવસે જ ઉલટ પૂર્ણ કરેલ અને બીજા પક્ષકારે તેમને વધુ કોઈ સાક્ષી તપાસવાના નથી તેથી તેમનો પુરાવો પુર્ણ જાહેર કરેલ. તેથી લેખીત દલીલો રજુ કરવા બીજા પક્ષકારને જણાવેલ. તા.૨૨/૧૧/૨૦૨૧ સુધી દલીલ આપી દેવા બીજા પક્ષકારને તપાસ અધિકારીએ જણાવેલ અને બીજા પક્ષકારને તપાસ કાર્યવાહીના પાન નં.-૨૧ તપા આંક-૭૧ ના પાન નં.- ૦૫ થી ૧૧ ની નકલ આપવામાં આવેલી. તા.૧૫/૧૧/૨૦૨૧ ના રોજ બચાવ પ્રતિનિધિએ લિસ્ટથી દસ્તાવેજો રજુ કરેલ જેનો તપાસ આંક-૭૩ થી રેકર્ડ પર લેવામાં આવેલ.

બીજા પક્ષકારે તા.૨૦/૧૧/૨૦૨૧ ના રોજની લેખીત દલીલો પત્રથી સંસ્થાને મોકલેલ તે પછી તપાસ અધિકારીએ તા.૦૧/૧૨/૨૦૨૧ ના તારણ આપેલા.

તપાસ અધિકારીએ તારણો આપ્યા બાદ બીજા પક્ષકારને તા.૦૭/૧૨/૨૦૨૧ ના રોજની સેકન્ડ શો કોઝ નોટીસ આપવામાં આવેલ જેનો તા.૧૩/૧૨/૨૦૨૧ ના રોજ બીજા પક્ષકારે જવાબ આપ્યા બાદ તા.૩૦/૦૩/૨૦૨૨ ના હુકમથી બીજા પક્ષકારને બરતરફ કરવામાં આવેલા છે. પણ, એક માસના નોટીસ પગારની રકમ

રૂા.૮૬,૬૬૨/– નો ચેક મોકલી આપવામાં આવેલો છે.

**(બી)** આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થાએ ઈન્ડસ્ટ્રીયલ એમ્પલોયમેન્ટ (સ્ટેન્ડીંગ ઓર્ડર્સ) એકટ અન્વયેના મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડર લાગુ પડે છે તેમ જણાવેલ છે. બીજા પક્ષકાર તરફે સદર રજુઆતની વિરૂધ્ધની કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. સદર સ્ટેન્ડીંગ ઓર્ડરમાં કલેરીકલ અને સુપરવાઈઝરી કામગીરી કરતા કર્મચારીઓ માટેના મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડરમાં સ્થાયી હુકમ નં.–૨૩(૪) થી નીચે મુજબ જોગવાઈ કરવામાં આવેલી છે.

**૨૩(૪) :–**

(4) A workman against whom an inquiry has to be held shall be given a chargesheet clearly setting forth the circumstances appearing against him and requiring explanation. He shall be given an opportunity to answer the charge and permited to be defended by a workman working in the same department as himself. Except for reasons to be recorded in writing by the officer holding the inquiry, the workman shall be permitted to produce witnesses in his defence and crossexamine any witness on whose evidence the charge rests. A concise summary of the evidence led on either side and the workman's plea shall be recorded.

સદર જોગવાઈ જોતા જે શ્રમયોગી વિરૂધ્ધ ઈન્કવાયરી કરવાનું નકકી કરવામાં આવેલ હોય તેના વિરૂધ્ધના સંજોગો સ્પષ્ટપણે દર્શાવતુ ચાર્જશીટ આપી તેનો ખુલાસો માંગવાનો રહે છે અને શ્રમયોગીના ચાર્જનો જવાબ આપવાનો તથા તેઓને તેમના જ ડિપાર્ટમેન્ટમાં કામ કરતા કામદાર મારફતે બચાવ કરવાની તક આપવાની રહે છે. આ ઉપરાંત શ્રમયોગીને તેઓના બચાવના પુરાવા રજુ કરવાની, રજુ થતા સાક્ષીની ઉલટ તપાસ કરવાની તક આપવાની રહે છે. સાક્ષીઓ પુરા થયા પછી પુરાવાની ટુંકનોંધ મેળવી તે નોંધ બાબતે શ્રમયોગીની રજુઆત નોંધવાની રહે છે. સદર જોગવાઈને ધ્યાને રાખી કેસનું રેકર્ડ જોઈએ તો આ કામના બીજા પક્ષકારને ચાર્જશીટની નકલ આપવામાં આવેલી છે જેનો વિસ્તૃત જવાબ તેમણે આપેલો છે. બીજા પક્ષકારે તપાસ દરમ્યાન રજુ થયેલા સાક્ષીના નિવેદનની નકલ મેળવી સાક્ષીની વિસ્તૃત ઉલટ તપાસ કરેલી છે. બીજા પક્ષકારે તપાસ દરમ્યાન તેઓનું લેખીત નિવેદન આપેલ છે અને તેમને ઉલટ તપાસ બાદ વધુ પુરાવા રજુ કરવા નથી તેમ જણાવતા તપાસ પૂર્ણ જાહેર કરવામાં આવેલી છે. ત્યાર પછી તપાસના તારણોની નકલ બીજા પક્ષકારને આપવામાં આવેલી છે જેનો બીજા પક્ષકારે વિસ્તૃત જવાબ આપ્યા પછી બીજા પક્ષકારને બરતરફ કરવાનો નિર્ણય લેવામાં આવેલો છે. તપાસનું રેકર્ડ જોતાં બીજા પક્ષકારને તપાસ કાર્યવાહીની નકલ દરેક મુદતે આપવામાં આવેલી છે અને તપાસ દરમ્યાન રજુ થયેલ દસ્તાવેજોની નકલ તથા સાક્ષીનું લિસ્ટ આપવામાં આવેલું છે. પુરાવો શરૂ થતા પહેલા બીજા પક્ષકારને સાક્ષીનું લિસ્ટ અને દસ્તાવેજોની નકલ પુરી પાડવામાં આવેલી છે. જેથી બીજા પક્ષકારને મોડલ સ્ટેન્ડીંગ

ઓર્ડરમાં જણાવ્યા મુજબની જરૂરી બચાવની તકો આપવામાં આવેલી છે. બીજા પક્ષકાર વિરૂધ્ધ કરવામાં આવેલી ખાતાકીય તપાસ મોડલ સ્ટેન્ડીંગને અનુરૂપ છે તેવું સ્પષ્ટ સાબિત થાય છે. બીજા પક્ષકારને ચાર્જશીટનો જવાબ આપવાની, સાક્ષીની ઉલટ તપાસ કરવાની, પોતાનો બચાવ કરવાની, બચાવના સાક્ષી રજુ કરવાની, તપાસના તારણોના જવાબ આપવાની પુરતી તક આપવામાં આવેલી હોઈ અને પુરાવો શરૂ થતા પહેલા તેઓને દસ્તાવેજી પુરાવાની નકલ તેમજ સાક્ષીના નામ પુરા પાડવામાં આવેલા હોઈ બીજા પક્ષકારને કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ તપાસના દરેક તબકકે બચાવની પુરેપુરી તક આપવામાં આવેલી હોઈ તેઓ વિરૂધ્ધ કરવામાં આવેલી ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંતને અનુરૂપ હોવાનું ફલીત થતુ હોઈ મુદ્દા નં.–૦૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**(સી)** આ કામે બીજા પક્ષકાર તરફે તેમના વિ.વ.શ્રી જી.આર.ઠાકરે દલીલ કરતા જણાવેલ છે કે, આ કામે તપાસ અધિકારી એડવોકેટ છે અને વર્ષોથી લેબર કોર્ટમાં પ્રેકટીસ કરે છે અને ખુબ જ અનુભવી છે તથા કાયદાના જાણકાર છે છતાં બીજા પક્ષકારને તપાસ દરમ્યાન બચાવ માટે એડવોકેટ રોકવા લેખીતમાં માંગણી કરવા છતાં તપાસ અધિકારીએ વકીલ રોકવા પરવાનગી આપેલ નથી. જેથી બીજા પક્ષકારને તેઓના બચાવની વ્યાજબી તક મળેલી ગણી શકાય નહી અને તેથી કુદરતી ન્યાયના સિધ્ધાંતનો ભંગ થયેલો છે. જેથી તપાસ દુષિત બને છે અને શ્રી જી.આર.ઠાકરે તેઓની દલીલના સમર્થનમાં **નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્પે. સી.એ. નં.–૧૨૦૦૦/૨૦૨૨ માં** તા.૦૯/૦૧/૨૦૨૩ ના રોજ **દિવ્યેશ ગોવિંદભાઈ કુન્વરીયા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં** આપેલ ચુકાદાને રજુ કરેલ છે. બીજા પક્ષકાર તરફે થયેલ સદર રજુઆત રેકર્ડ જોતાં ગ્રાહય રાખવાપાત્ર થતી નથી. સંસ્થાને ઈન્ડસ્ટ્રીયલ એમ્પ્લોયમેન્ટ (સ્ટેન્ડીંગ ઓર્ડર્સ) એકટ–૧૯૪૬ હેઠળ નકકી કરવામાં આવેલ મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડર્સ લાગુ પડે છે. કલેરીકલ તથા સુપરવાઈઝરી કામગીરી કરતા કામદારો માટે નકકી થયેલ મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડરના સ્થાયી હુકમ–૨૩(૪) કે જે ઉપર જણાવેલ છે તે વાંચતા તેમાં શ્રમયોગીને પોતાનો બચાવ તેઓ જે ડિપાર્ટમેન્ટમાં કામ કરતા હોય તે ડિપાર્ટમેન્ટના કામદાર મારફતે કરવાનો રહેશે તેમ જણાવવામાં આવેલું છે. સદર સ્થાયી હુકમમાં વકીલ મારફતે બચાવ કરવાની પરવાનગી શ્રમયોગીને આપવામાં આવેલી નથી. આ કેસમાં સંસ્થા તરફે હાજર થયેલ બચાવના પ્રતિનિધિ એડવોકેટ નથી અને તેઓએ બીજા પક્ષકાર ધ્વારા રજુ થયેલ વકીલાતનામા સામે તપાસ આંક–૧૦ થી કરેલ રજુઆતમાં તેઓ કાયદાના જાણકાર નથી તથા લો ગ્રેજયુએટ પણ નથી તેમ જણાવેલું છે. જેથી સંસ્થાના બચાવ પ્રતિનિધિ એડવોકેટ ન હોઈ અને સ્થાયી હુકમમાં પણ વકીલ રોકવાની પરવાનગી શ્રમયોગીને આપવામાં આવેલી ન હોઈ શ્રમયોગીને વકીલ રોકવા પરવાનગી નહી આપવાનું તપાસ અધિકારીનું પગલું કાયદેસર અને વ્યાજબી ઠરે છે. તપાસ અધિકારીએ બીજા પક્ષકારને તેઓ ઈચ્છે તો અન્ય કામદાર મારફતે પોતાનો બચાવ કરી શકે છે તેમ જણાવેલું છે. બીજા પક્ષકારે ત્યાર પછી વકીલ રોકવાની પરવાનગી નહી આપતા હુકમ સામે કાર્યવાહી કરવા સમય માંગેલ અને સમય મેળવ્યા બાદ સદર હુકમ સામે કોઈ કાર્યવાહી

કરેલ નથી. બીજા પક્ષકાર તરફે રજુ થયેલ ચુકાદો જોતા તે કેસમાં  સીટી સિવિલ કોર્ટમાં ફરજ બજાવતા કર્મચારી સામે શિસ્ત અને દાદના નિયમોની ખાતાકીય તપાસ ગુજરાત  સિવિલ સર્વિસ (શિસ્ત અને દાદ) નિયમો–૧૯૭૧ અન્વયે યોજવામાં આવેલી. જે નિયમોના નિયમ–૯(૫)(સી)માં નીચે મુજબ જણાવેલ છે.

**"Rule 9(5) (C) :-**
(c) The Disciplinary Authority may nominate any person hereinafter referred to as the presenting officer to present the case in support of the charge before inself if it itself is to enquire into the charges or before the inquiry authority. (The Government servant may present his case with the assistance of any other Government servant approved by the inquiry authority, but may not engage a legal practitioner for the purpose unless the disciplinary authority having regard to the circumstancesof the case so permits).
(Note :- The  Government servant may also take the assistance of a retired Government servant to present the case on his behalf subject to such conditions as may be determined in general or special orders issued by the Government from time to time.)

સદર નિયમ જોતા તેમાં શિસ્ત અધિકારીને કેસના સંજોગો જોતા સરકારી કર્મચારીને તેઓના બચાવમાં કાયદા વ્યવસાયીને રોકવા પરવાનગી આપવાની સત્તા આપવામાં આવેલ છે તેવી હકીકત આ કેસમાં સંસ્થાને લાગુ પડતા સ્થાયી હુકમ નં.–૨૩(૪) માં નથી. રજુ થયેલ ચુકાદામાં તપાસ અધિકારી તરીકે સીટી સિવિલ કોર્ટના નામદાર જજ સાહેબ હતા. રજુ થયેલ ચુકાદામાં કર્મચારી વિરૂધ્ધ જે નિયમો હેઠળ તપાસ કરવામાં આવેલી તે નિયમમાં જણાવેલ જોગવાઈ અને આ કેસમાં સંસ્થાને લાગુ પડતાં મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડર્સમાં તપાસ કાર્યવાહી બાબતે કરવામાં આવેલી જોગવાઈ અલગ–અલગ છે. જેથી રજુ થયેલ ચુકાદો મારા નમ્ર મંતવ્ય મુજબ બીજા પક્ષકારને મદદરૂપ થતો નથી.

(ડી)  બીજા પક્ષકાર તરફે દલીલ કરતા તેઓના વિ.વ.શ્રી જી.આર.ઠાકરે જણાવેલ છે કે, બીજા પક્ષકારને તપાસ શરૂ થાય તે પહેલા દસ્તાવેજોની નકલ અને સાક્ષીઓના નામ આપવામાં આવેલા નથી. જેથી બચાવની પુરેપુરી તક તેઓને આપવામાં આવેલી નથી. તેઓની સદર રજુઆત પણ ગ્રાહય રાખવાપાત્ર થતી નથી. કારણ કે, રેકર્ડ જોતાં સંસ્થાનો પુરાવો રજુ થાય તે પહેલા બીજા પક્ષકારને સંસ્થા તરફે રજુ થયેલ દસ્તાવેજો અને સાક્ષીનું નામ આપવામાં આવેલું છે અને બીજા પક્ષકારે તપાસ દરમ્યાન  કયારેય કે તપાસ શરૂ થતા પહેલા કયારેય તેઓને દસ્તાવેજની નકલ આપેલ નથી તેવી તકરાર ઉઠાવેલી નથી અને તેઓને તપાસ શરૂ થયા પછી અને બેન્કનો પુરાવો શરૂ થયા પહેલા દસ્તાવેજો ન આપવાના કારણે તેમજ  સાક્ષીનું નામ ન આપવાના કારણે કોઈ પુર્વગ્રહ થયેલ છે તેવું તેમણે જણાવેલ નથી.

**(ઈ)** બીજા પક્ષકાર તરફે બીજી રજુઆત એવી કરવામાં આવેલી છે કે, તપાસ અધિકારી કે જેઓએ આપેલ તારણમાં તેઓ શા માટે બીજા પક્ષકારની રજુઆત માનતા નથી તેવું કોઇ કારણ જણાવેલ નથી. જેથી તપાસ અધિકારીનું વર્તન બેન્ક તરફી હોવાનું ફલીત થાય છે અને તેઓએ આપેલ તારણો દુષિત બને છે. આ તબકકે તપાસ કાર્યવાહીની કાયદેસરતા જોવાની રહે છે તપાસના તારણો પરર્વર્સ છે કે કેમ ? તે નકકી કરવાનું રહેતું નથી છતાં તપાસના તારણો જોવામાં આવે તો તેમાં પ્રથમ દ્રષ્ટિએ તપાસ અધિકારીએ બીજા પક્ષકારે કરેલ દલીલોને ધ્યાને લીધેલ છે અને તે નહી માનવા માટેનું કારણ પણ જણાવેલું છે તેવું ફલીત થાય છે. જેથી બીજા પક્ષકાર તરફે કરવામાં આવેલ દલીલ ગ્રાહય રાખવાપાત્ર થતી નથી.

**(એફ)** બીજા પક્ષકાર તરફે તેઓની દલીલોમાં એવીડન્સ એકટની કલમ-૬૫(બી) અન્વયેનું કોઇ સર્ટીફિકેટ રજુ કરવામાં આવેલ ન હોવા છતાં બેન્ક ધ્વારા રજુ કરેલામાં આવેલા સ્ક્રીન શોર્ટને પુરાવા તરીકે તપાસ અધિકારીએ ગ્રાહય રાખેલ છે જેથી પણ તપાસ દુષિત બને છે તેમ જણાવવામાં આવેલું છે. તેઓની સદર રજુઆત પણ આ તબકકે ગ્રાહય રાખવાપાત્ર થતી નથી. કારણ કે, તપાસમાં પડેલા પુરાવાને આધીન તપાસમાં તારણ આપેલ છે કે કેમ? તે આ તબકકે નકકી કરવાનું રહેતુ નથી. આ સિવાય પણ ખાતાકીય તપાસની કાર્યવાહીમાં પુરાવાના નિયમો ચુસ્તતાથી લાગુ પડતા નથી. બીજા પક્ષકારે વિસ્તૃત ઉલટ દસ્તાવેજો અંગે કરેલી છે. જેથી કલમ-૬૫(બી) મુજબનું સર્ટીફિકેટ તપાસમાં બેન્કે રજુ કરેલ નથી તે કારણે કોઇ ફર્ક પડતો નથી.

**(જી)** બીજા પક્ષકાર તરફે તેમના વિ.વ.શ્રી જી.આર.ઠાકરે દલીલ કરતા જણાવેલ છે કે, તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ થયેલી છે તેટલું પુરતુ નથી પણ કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ તપાસ થયેલી છે તેવું લાગવું પણ જોઇએ તે આ કેસમાં લાગતુ ન હોઈ તપાસ દુષિત બને છે. આ કેસમાં બીજા પક્ષકારને ટુંકી-ટુંકી તારીખો આપવામાં આવેલી છે, એક જ દિવસમાં પુરાવો બંધ કરી દલીલો માટે તારીખ આપી દેવામાં આવેલી છે. જેથી બીજા પક્ષકારને તેમના બચાવની વ્યાજબી તક મળેલ નથી જેથી તપાસ દુષિત ઠરાવવી જોઇએ. તેઓની સદર રજુઆત પણ રેકર્ડ જોતા ગ્રાહય રાખવાપાત્ર થતી નથી. કારણ કે, બીજા પક્ષકારને મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડર્સમાં કરેલ જોગવાઇ મુજબ દરેક તબકકે બચાવની તક આપવામાં આવેલી છે. બીજા પક્ષકારે બેન્કના સાક્ષીની વિસ્તૃત અને લંબાણ પુર્વકની ઉલટ તપાસ કરેલી છે તે પછી બીજા પક્ષકારે પોતાનું લેખીત નિવેદન વિસ્તૃત રીતે આપેલ છે. બીજા પક્ષકારે પોતાની ઉલટ પુરી થયા પછી પુરાવો વધુ રજુ કરવાનો નથી તેમ જણાવતા તપાસ પુર્ણ કરવામાં આવેલી છે અને તપાસ અધિકારીએ દલીલો માટે આપેલ તારીખ પહેલા બીજા પક્ષકારે લેખીત દલીલો મોકલી આપેલી છે. જેથી બીજા પક્ષકાર તરફે થયેલ રજુઆત ગ્રાહય રાખવાપાત્ર થતી નથી.

બીજા પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલ **નામદાર પંજાબ અને હરિયાણા હાઇકોર્ટે અશોક કુમાર વિરૂધ્ધ પ્રિસાઈડીંગ ઓફિસર, ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલ કમ લેબર કોર્ટ**

**અને બીજાના** [1] કેસમાં આપેલ ચુકાદો વંચાણે લેતા તે કેસની વિગતો આ કેસની વિગતોથી અલગ છે. તે કેસમાં શ્રમયોગી વિરૂધ્ધ ફાઈલ ગુમ કરવા બાબતે કોઈ પુરાવો ન હતો, તે કેસમાં સંસ્થા તરફે બચાવ પ્રતિનિધિ કાયદા અધિકારી હતા અને શ્રમયોગીને સાક્ષીઓનું લિસ્ટ તથા દસ્તાવેજો આપવામાં આવેલા ન હતા. ચુકાદાના પેરા–૧૩ માં જણાવ્યા મુજબ તપાસ અધિકારીએ શ્રમયોગીને તેનો બચાવ કરવાની અને સંસ્થાના દાવાને ખારીજ કરવાની તક આપેલી ન હતી. જેથી રજુ થયેલ ચુકાદો જુદી હકીકતો આધારીત હોઈ તે મારા નમ્ર મંતવ્ય મુજબ બીજા પક્ષકારને મદદરૂપ થતો નથી.

**(એચ)** પ્રથમ પક્ષકાર તરફે રજુ થયેલ ચુકાદાઓ વંચાણે લઈએ. **નામદાર ગુજરાત હાઈકોર્ટ સ્પે.સી.એ.નં.–૭૨૯૨/૯૫ માં તા.૧૩/૧૦/૧૯૯૫ ના રોજ શ્રી અલાભાઈ રત્નાભાઈ રબારી વિરૂધ્ધ ટાટા કેમીકલ્સ લીમીટેડ ના કેસમાં** આપેલ ચુકાદો વંચાણે લેતા તે કેસમાં નામદાર ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલે શ્રમયોગીએ તેઓની સંસ્થામાં સિનિયર એન્જીનીયર તરીકે અગાઉ કામે રહેલ વ્યકિતને બચાવ પ્રતિનિધિ તરીકે રોકવા પરવાનગી માંગતી અરજી નામંજુર કરેલ તેને નામદાર હાઈકોર્ટમાં પડકારવામાં આવેલ. નામદાર હાઈકોર્ટે સ્થાયી હુકમ–૩૩(૪) મુજબ તેના ડિપાર્ટમેન્ટના સહકર્મચારી ધ્વારા અથવા તો વર્કર્સ કમીટીના મેમ્બર ધ્વારા પોતાનો બચાવ કરી શકે છે. જેથી તે બંને વ્યકિતમાં શ્રમયોગીએ જણાવેલ વ્યકિત પડતી ન હોઈ તેને બચાવ પ્રતિનિધિ તરીકે રોકવાની પરવાનગી નહી આપવાના નામદાર ટ્રિબ્યુનલનો હુકમ કાયમ રાખેલ છે. તે કેસમાં પણ સ્થાયી હુકમ–૩૩(૪) મુજબ શ્રમયોગી તેના ડિપાર્ટમેન્ટમાં કામ કરતા અન્ય કામદાર મારફતે પોતાનો બચાવ કરી શકે છે અથવા વર્કસ કમીટીના સભ્ય ધ્વારા બચાવ કરી શકે છે તેવી જોગવાઈ હતી. જેથી સ્થાયી હુકમમાં વકીલને રોકવાની પરવાનગી સ્પષ્ટ રીતે આપવામાં આવેલી ન હોઈ વકીલ ધ્વારા બચાવ કરવા પરવાનગી નહી આપવાનું તપાસ અધિકારીનું પગલું ખાસ કરીને જયારે બેન્કના બચાવ પ્રતિનિધિ તરીકે હાજર થનાર વ્યકિત કાયદાના જાણકાર નથી અને લો ગ્રેજયુએટ નથી ત્યારે વ્યાજબી ઠરે છે. જેથી સદર ચુકાદો પ્રથમ પક્ષકારને મદદરૂપ બને છે.

રજુ થયેલ ન**ામદાર સુપ્રીમ કોર્ટે ક્રેસન્ટ ડાયસ અને કેમીકલ્સ લીમીટેડ રામ નરેશ ત્રિપાઠીના કેસમાં** [2] આપેલ ચુકાદો વંચાણે લેતા તે કેસમાં શ્રમયોગી અન્ય ટ્રેડ યુનીયન ઓફિસ બેરર ધ્વારા બચાવ કરવા અધિકાર ધરાવે છે કે કેમ? તે મુદ્દો નકકી કરવામાં આવેલો છે. નામદાર સુપ્રીમ કોર્ટે સદર ચુકાદાના પેરા–૧૬માં નીચે મુજબ જણાવેલ છે.

16. It is, therefore, clear from the above case law that the right to br respresented through counsel or agent can be restricted, controlled or regulated by statute, rules, regulations or standing orders. a delinquent has no right to be respresented through counsel or agent unless the law specifically confers such a right. the requirement of the rule of natural justice insofar as the

1 2013 (4) L.L.J 664

2 1993 (1) C,L,R. 900

delinquent's right of hearing is concerned, cannot and does not extend to a right to be represented through counsel or agent. in the instant case the delinquent's right to representation was regulated by the standing orders which permitted a clerk or a workman working with him in the same department to represent him and this right stood expanded on sections 21 and 22 (ii) permitting representation through an officer, staff-memeber or a memberof the union, albeit on being authorised by the state Government. the object and purpose of such provosons is to ensure thet the domestic enquiry is completed with dispatch and is not prolonged endlessly. secondly, when the person defending the delinquent is from the department or establishment in which the delinquent is working he would be well conversant withthe working of that department and the relevant rules and would, therefor be able to render satisfactory service to the delinquent. thirdly, not only would the entire proceedings be completed quickly but also inexpensively. it, is therefore, not correct to contend that the standing order or section 22(ii) of the Act confliets with the principles of natural justice.

નામદાર સુપ્રીમ કોર્ટે સદર ચુકાદામાં જયાં સુધી સ્ટેન્ડીંગ ઓર્ડરમાં શ્રમયોગીને કાયદા વ્યવસાયી મારફતે બચાવ કરવાની પરવાનગી આપવામાં આવેલી ન હોય ત્યાં સુધી કાયદા વ્યવસાયી મારફતે બચાવ કરવાનો અધિકાર મળતો નથી તેમ ઠરાવી તપાસ અધિકારીએ શ્રમયોગીને એજન્ટ તલરેજાને તપાસમાં ભાગ લેવાથી અટકાવવા લીધેલ પગલું વ્યાજબી ઠરાવેલું છે જે ચુકાદો પણ આ કેસમાં પ્રથમ પક્ષકારને મદદરૂપ બને છે.

(આઈ) રજુ થયેલ **નામદાર સુપ્રીમ કોર્ટે તથા મેનેજમેન્ટ ઓફ નેશનલ સીડસ કોર્પોરેશન લીમીટેડ વિરૂધ્ધ કે.વી.રામારેડ્ડી ના કેસમાં** [3] ચુકાદો વંચાણે લેતા તે કેસમાં પણ નામદાર સુપ્રીમ કોર્ટે સર્વિસ રૂલ્સમાં પણ જો શ્રમયોગીને વકીલ મારફતે બચાવની તક આપવાનું ઠરાવેલું ન હોય તો શ્રમયોગીને વકીલ મારફતે બચાવ કરવાનો હકક મળતો નથી તેમ ઠરાવેલું છે. તે ચુકાદો પણ આ કેસમાં પ્રથમ પક્ષકારને મદદરૂપ બને છે.

(જે) રજુ થયેલ **નામદાર સુપ્રીમ કોર્ટે ઘ જનરલ મેનેજર પર્સનલ સિન્ડીકેટ બેન્ક અને બીજા બી.એન.એસ પ્રસાદ ના કેસમાં** [4] આપેલ ચુકાદો વંચાણે લેતા તે કેસમાં કર્મચારીએ સાક્ષીની વિસ્તૃત ઉલટ તપાસ લીધેલી. મુકવામાં આવેલા આક્ષેપો દસ્તાવેજી પુરાવાને આધીન હતા કર્મચારીએ દસ્તાવેજી પુરાવા રેકર્ડ પર હોવાનું કબુલ રાખેલ. શ્રમયોગીએ પોતાનો કોઈ પુરાવો આપવાનું મુનાસીબ માનેલું નહી. જેથી તે કેસમાં કરવામાં આવેલી ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબની ઠરાવવામાં આવેલી છે. આ કેસમાં પણ બીજા પક્ષકારે વિસ્તૃત ઉલટ તપાસ બેન્કના સાક્ષીની કરેલી છે અને તપાસ દરમ્યાન રજુ થયેલ દસ્તાવેજી પુરાવાની નકલ

3 2006 (11) SUPREME COURT 645

4 CIVIL APPEAL NO.- 6329/2024

તેઓને મળેલી છે, તેઓએ પોતાનું બચાવનું લેખીત નિવેદન આપેલ છે અને તેમના ધ્વારા વધુ પુરાવા રજુ કરવા નથી તેમ જણાવવાના કારણે તપાસ પૂર્ણ જાહેર કરવામાં આવેલી છે. જે ચુકાદો પણ આ કામે પ્રથમ પક્ષકારને મદદરૂપ બને છે.

**(કે)** રજુ થયેલ **નામદાર સુપ્રીમ કોર્ટે મેનેજમેન્ટ ઓફ તાંજાવુર ટેક્ષ ટાઈલ લીમીટેડ વિરૂધ્ધ પુરષોતમ અને બીજાના કેસમાં** [5] આપેલ ચુકાદાને વંચાણે લેતા તેમાં તપાસ અધિકારી તરીકે એડવોકેટને નીમી શકાય છે તેમ ઠરાવવામાં આવેલું છે. તે કેસમાં કરવામાં આવેલી રજુઆત કે એડવોકેટ તપાસ પુરી થયા પછી તેના તારણો આપી શકે નહી, તેમણે માત્ર સાક્ષીના નિવેદનો નોંધી તે સંસ્થાને પહોંચાડવાના રહે તેને નામદાર સુપ્રીમ કોર્ટે નકારી કાઢેલ છે અને તપાસ અધિકારી તરીકે એડવોકેટ તપાસની પુરેપુરી કાર્યવાહી જે તપાસ અધિકારી કરવા સક્ષમ હોય તે તમામ કરી શકે છે તેમ ઠરાવેલું છે.

**(૧૪)** જેથી કેસનું રેકર્ડ તથા કાયદાની પરિસ્થિતિ લક્ષમાં લઈ ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

(૧) આથી બીજા પક્ષકાર વિરૂધ્ધ કરવામાં આવેલી ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંતને અનુરૂપ, મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડર મુજબની, કાયદેસર અને વ્યાજબી ઠરાવવામાં આવે છે.

(૨) સદર કેસ વધુ કાર્યવાહી માટે તા.૧૦/૦૬/૨૦૨૫ ના રોજ રાખવામાં આવે છે.

**તારીખ: ૦૬/૦૫/૨૦૨૫**
**સ્થળ : રાજકોટ.**

**(દિપકકુમાર જયંતીલાલ ચૌહાણ)**
**જીજે૦૦૭૮૦**
**પ્રમુખ અધિકારી,**
**મજુર અદાલત નં.૩, રાજકોટ.**

---

5 1999 (3) S.C.C. 316